# Prime Minister’s meeting with President of Ukraine on the sidelines of COP26 in Glasgow, UK

November 02, 2021

# ગ્લાસગો, યુકેમાં COP26 દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ સાથે પ્રધાનમંત્રીની મુલાકાત

**નવેમ્બર 2, 2021**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી 2 નવેમ્બર 2021ના રોજ ગ્લાસગોમાં COP26 દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વોલોડીમિર ઝેલેન્સકીને મળ્યા હતા.

નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિની સમીક્ષા કરી અને પ્રદેશના વિકાસ પર વિચારોનું આદાનપ્રદાન કર્યું.

તેઓએ બંને દેશો દ્વારા કોવિડ રસીકરણ પ્રમાણપત્રોની પરસ્પર માન્યતા સહિત રોગચાળાના સમયમાં સહકાર પર સંતોષ વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રી શ્રી મોદીએ આ વર્ષની શરૂઆતમાં કોવિડ મહામારીના બીજા તબક્કા દરમિયાન ભારતમાં ઓક્સિજિન કોન્સન્ટ્રેટર્સના પુરવઠાના માનવતાવાદી કદમ બદલ રાષ્ટ્રપતિ ઝેલેન્સકીનો આભાર માન્યો હતો.

બંને નેતાઓએ બંને દેશો વચ્ચેના મજબૂત લોકો વચ્ચેના જોડાણનું હકારાત્મક મૂલ્યાંકન કર્યું, ખાસ કરીને યુક્રેનની વિવિધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં.

બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબુત બનાવવા માટે સાથે મળીને કામ કરવાની તેમની તૈયારીની પુનઃ પુષ્ટિ કરી.

**ગ્લાસગો**

**નવેમ્બર 2, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.